# કોરોનાના સમયમાં રસોઈ

ભારતીય વૈજ્ઞાનિક નો કોવીડ 19 આહવાનને પ્રતિસાદ
એક સ્વયંસેવક સમૂહ

IndiSciCovid

https://indscicov.in/



Indian Scientists' Response to COVID-19

સાંજનો સમય હતો અને મને ભૂખ લાગી હતી.

મેં કહ્યું "પપ્પા, મારા માટે તમારી સ્પેશ્યલ ચિકન કરી બનાવશો? વધારે મસાલેદાર રાખજો!". મમ્મી સહમતીમાં બોલી- "હું પણ ખુબ થાકી ગઈ છું, આજે તમે જ ચિકન કરી બનાવો!"

"ઠીક ત્યારે." પપ્પાએ કહ્યું અને સાબુથી હાથ ધોવા બેસીન તરફ ગયા. તરત જ મેં અને મમ્મીએ 1 થી 20 સેકન્ડ સુધી ની ગણતરી શરુ કરી. પપ્પાને જમીન ઉપર રેડિયોની બાજુમાં બેસીને શાક કાપવું ગમે.

અમને મેગેઝીન્સ વાંચવા માટે આપવા સવારે સુરેશ અંકલ આવ્યા હતા અને તે ત્યાંજ બેઠા હતા. મને યાદ છે તે ગયા પછી પપ્પાએ આખો ઓરડો સાબુ અને સ્પોન્જથી ચોખ્ખો



કર્યો હતો. પપ્પા નીચે બેસીને ચિકન અને લીલા મરચા સમારવા લાગ્યા. “હજી થોડા મરચા વધારે નાખો!”, મેં કહ્યું.

“તું મને ડુંગળી કાપી આપીશ?”

“ના.. ડુંગળી મને બહુ રડાવે”, મેં કીધું. પછી એમણે ૩ ડુંગળી ધોઈને છોલી. એટલામાં, બાજુ વાળા ભાવનાબેન મમ્મી સાથે વાત કરવા આગળના દરવાજાની બહાર આવીને ઉભા રહ્યાં. એ બોલ્યા, “તમને ખબર છે મારી બેહેને શું કર્યું?” “એણે ચિંતામાં ડુંગળી અને ટામેટા સાબુથી ધોયા. અને પછી આખા ઘરે સાબુવાળું શાક ખાધું.” આની કલ્પના માત્રથી હું હસી પડી.

મમ્મીએ સમજાવ્યું: “તમને ખબર છે ને, કે આ વાયરસ શાક ઉપર નથી જીવતો, અને રસોઈ કરતી વખતે તે નાશ પામી જાય છે. તે કોઈ બેક્ટેરિયા નથી.” મને ખબર જ હતી આ વિષે પણ મેં પૂછ્યું: “જયારે ડુંગળી માર્કેટમાં ખુલ્લામાં હતી ત્યારે લોકોએ હાથ લગાડ્યો હશે ને?”. “હા, બેટા”, મમ્મીએ સમજાવતા કહ્યું, “એટલે જ ગઈ કાલે તારો ભાઈ



શાકભાજી લઇ આવ્યો એના પછી મેં બધા શાકભાજી પાણીથી ધોઈ નાખ્યા હતા”...... “ત્યારબાદ મારા હાથ પણ 20 સેકન્ડસ સુધી સાબુથી ધોયા”, અમે બંને એક સાથે બોલ્યા.

પછી ભાવનાબેનની નજર પપ્પા શું કરતા હતા એના ઉપર ગઈ. “ઓહો, તમે તમારું પ્રખ્યાત ચિકન બનાવો છો! પણ મેં વોટ્સએપ્પ પર વાંચ્યું હતુ કે આ વાયરસ પ્રાણીઓ માંથી જ આવ્યો છે. તો શું આ બનાવવું હિતાવહ છે?” તેમણે પૂછ્યું. “હા-સ્તો” પપ્પાએ કીધું, “વાયરસ ખાલી માણસથી માણસમાં ફેલાય છે, નોન-વેજ ખોરાક પણ હિતાવહ છે! ડોક્ટરોએ પણ કહ્યું જ છે." મેં વિચાર્યું, મારા સારા નસીબે! એટલામાં એમની દીકરીએ એમને બોલાવ્યા અને આંટી તેમને ઘેર ચાલ્યા ગયા.

ત્યારે જ મારો ભાઈ દુકાનેથી ચોખા, તુવેરની દાળ, અને બિસ્કિટ લઈને આવ્યો. તે આગળના દરવાજાની બહાર ઉભો રહ્યો, હવે શું કરવું જોઈએ તેનો વિચાર કરતો હતો. "આટલો મૂંઝવણમાં ના મુકાઇશ", મમ્મી હસી પડી, " બે મિનિટ જરાક ત્યાં જ ઉભો રહેજે". મમ્મી રસોડામાં જઈને દાળ અને ચોખા મુકવાના ડબ્બાઓ અને એક ખાલી ડબ્બો લઇ આવી. ડબ્બાઓ ખોલીને એણે ભાઈને પ્લાસ્ટિકના પેકેટ ખોલવા કહ્યું. "ડબ્બાઓને હાથ લગાવ્યા વગર દાળ અને ભાત સીધા એમાં ભરી દે" , "અને ખબરદાર જો નીચે જમીન ઉપર કઈં પણ



વેરાયું તો". હસતા હસતા મેં ભાઈને બધું કહ્યા મુજબ કાળજીથી કરતા જોયો. પછી એણે બિસ્કિટનું પેકેટ ખોલીને ખાલી ડબ્બાને અડ્યા વગર બધા બિસ્કિટ તેમાં ભર્યાં. "શાબાશ!" પોતાની સફળતાની ઉજવણી કરતા એ બોલ્યો. અમે બધાં હસવા લાગ્યા- ઘણી વાર એ આવી મજાક કરતો હોય છે. મને યાદ આવ્યું કે સવારે આવી જ રીતે મમ્મીએ પણ ભાવનાબેનના આપેલા ઢોકળા ડબ્બામાં ખાલી કર્યા હતા.

"હવે આ પ્લાસ્ટિક અને પપેરનું શું કરું?" ભાઈએ મમ્મીને પૂછ્યું. મમ્મીએ એને બહાર મુકેલા કચરા ટોપલીમાં મુકવા કીધું. ચપ્પલ કાઢીને ભાઈ અંદર આવ્યો. "હવે 20 સેકન્ડ સુધી સાબુથી હાથ ધો", મેં હુકમ કર્યો અને એની પાછળ- પાછળ નિરીક્ષણ કરવા ગઈ. પછી એ કપડાં બદલવા અંદર ગયો.

ત્યાં સુધી માં પપ્પા રસોડામાં પહોંચી ગયા હતા. સવારે જ તમણે બધા વાસણો, ચમચીઓ  અને સ્ટોવ સાબૂ-પાણીથી ધોયા હતા. થોડા જ સમયમાં મને લીમડા અને હિંગના વધાર ની સુગંધ આવવા લાગી. ચિકન બનાવતા બનાવતા એમણે મમ્મી, જે પોતાની સીરીયલ જોતી હતી, એને પૂછ્યું, "તે પેલા બાજુના બિલ્ડીંગ વાળા ઠાકોરભાઈ વિષે સાંભળ્યું? એમને શરદી-ખાંસી છે અને ગયા અઠવાડિયે થોડો તાવ પણ હતો"

"અરેરે ભગવાન, એમના પરિવાર માટે આ ચિંતાજનક વાત છે. આપણે જઈને એમને મળી આવશું?" ભાઈએ પૂછ્યું. મમ્મીએ કહ્યું "ના, અત્યારે એ લોકો બધા ક્વોરેન્ટાઇન માં હશે."  ઠાકોરકાકા એમના કુટુંબ સાથે કેવી રીતે જમતા હશે? એવો મને વિચાર આવ્યો. મેં મમ્મીને પૂછ્યું કે કોઈ એમના માટે પણ ચિકન કરી બનાવી શકે કે નહીં? "હા, કેમ નહીં ?" , મમ્મીએ કીધું. " એમણે બસ થોડી કાળજી રાખવાની



જરૂર છે, બેટા. કાકાએ પોતાના રૂમમાં રહેવું જોઈએ અને એમને કોઈ આવીને ખાવાનું આપી જશે. અને ખાઈ લીધા પછી એમના વાસણો વ્યવસ્થિત રીતે ધોવા પડશે." આશા કરું છું કે તે જલ્દી સારા થઇ જાય, એ મને પતંગ ચગાવતા શીખવાડવાના છે.

"જમવાનું તૈયાર છે.", પપ્પાએ કીધું. બધાને હાથ ધોઈને પોતાની થાળીઓ લાવવાનું કીધું અને દરેકને કરી અને રોટલી આપી. "તમે પણ  ચાલોને  જમવા" મેં કીધું. "એક મિનિટ ઉભા રહો", પોતાનું નાક જોરથી ખંજવાળતા બોલ્યા. "છેલ્લા અડધા કલાકથી મારે આવું કરવું હતું પણ ખાવાનું બનાવતો હતો એટલે ન કરાય, પણ  હવે કરાય!", પપ્પાએ કહ્યું. અમે બધા હસી પડ્યા અને એ હાથ ધોવા ગયા. એકબીજાથી થોડે દૂર બેસીને દુનિયાની બેસ્ટ ચિકન કરી ખાધી.

આ લાક્ષણિક દૃશ્યો દર્શાવવા અને અમે પૂરી પાડેલી માહિતી ને સંદર્ભિત કરવા માટે છે. આવશ્યકપણે, આ વાત ને સરળ બનાવે છે. કૃપા કરીને ખાતરી કરો કે તમે વૈજ્ઞાનિક ચોકસાઈ માટે વેબસાઇટ પરના દસ્તાવેજો ને જોવો

